દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શનિવાર ૨૯ ઓગસ્ટ, ૨૦૨૬

# બ્રિટનમાં મુશળધાર વરસાદ વચ્ચે અચાનક વધેલા તાપમાને અનેક ચિંતાઓ ઊભી કરી છે

હાલના દિવસોમાં સમગ્ર પૃથ્વી પર હવામાનની જે અનિશ્ચિતતાઓ જોવા મળી રહી છે, તે માનવજાત માટે કોઈ સામાન્ય કુદરતી ફેરફાર નથી પરંતુ એક ગંભીર ચેતવણી છે. બ્રિટન સહિત સમગ્ર ઉત્તરીય ગોળાર્ધમાં હવામાનમાં આવી રહેલો અચાનક અને અણધાર્યો પલટો માનવજાત અને પર્યાવરણ વચ્ચેના સંતુલનને ભારે નુકસાન પહોંચાડી રહ્યો છે. એક બાજુ ભારે મુશળધાર વરસાદ, ગાજવીજ સાથેના તોફાનો અને વાદળફાટવાની ઘટનાઓ વાતાવરણને ક્ષણભર માટે ઠંડુ કરી દે છે, તો બીજી જ ક્ષણે ભયંકર હીટવેવ આખા પ્રદેશને શેકી નાખવા તત્પર બને છે. તાજેતરના ઓગસ્ટ ૨૦૨૬ના અહેવાલો મુજબ, બ્રિટનમાં મુશળધાર વરસાદ વચ્ચે તાપમાનનો પારો અચાનક ૩૦ ડિગ્રી સેલ્સિયસને પાર કરી જવાની આગાહી કરવામાં આવી છે. સપ્ટેમ્બરના પ્રારંભે જ આવું વિષમ તાપમાન નોંધાવું એ વાતાવરણમાં થઈ રહેલા મોટા પાયાના અસંતુલન તરફ સ્પષ્ટ ઈશારો કરે છે.

આ પરિસ્થિતિ માત્ર એક દેશ કે પ્રદેશ પૂરતી મર્યાદિત નથી. એશિયા, યુરોપ, અમેરિકા કે આફ્રિકા–દરેક ખંડ આજે હવામાનનીવિષમતાઓનો ભોગ બની રહ્યો છે. જ્યારે વરસાદી ઋતુની વચ્ચે જ તીવ્ર ગરમીનો પ્રકોપ જોવા મળે, ત્યારે સમજી લેવું જોઈએ કે પૃથ્વીની કુદરતી આબોહવા તંત્ર હવે એની સહનશક્તિની સરહદો ઓળંગી ચૂક્યું છે. પરંપરાગત રીતે, પૃથ્વી પર ઋતુચક્ર ચોક્કસ સમયાંતરે અને નિયમો મુજબ ચાલતું આવ્યું છે. શિયાળો, ઉનાળો અને ચોમાસું પોતાના નિયત સમયે આવતા અને માનવજીવન તેમજ કૃષિ પ્રવૃત્તિઓ એ મુજબ ગોઠવાતી. પરંતુ છેલ્લા કેટલાક દાયકાઓથી ગ્લોબલ વોર્મિંગ (વૈશ્વિક તાપમાન વૃદ્ધિ) ને કારણે આ ચક્ર સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે.

એનોમલી મેપ્સ અને વિશ્વભરના આધુનિક વેધર મોડેલ્સ દર્શાવે છે કે વૈશ્વિક સરેરાશ તાપમાનમાં થઈ રહેલો આ વધારો હવે ક્ષણિક નથી રહ્યો. ઉત્તર ગોળાર્ધમાં આવેલા દેશો, જ્યાં ઐતિહાસિક રીતે હવામાન ઠંડુ કે સમશીતોષ્ણ રહેતું હતું, ત્યાં હવે ઉનાળામાં ભયાનક ગરમી પડી રહી છે. યુરોપના મોટાભાગના શહેરો એ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઠંડા હવામાનને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યા છે, ત્યાં એર કન્ડીશનીંગ જેવી પાયાની સુવિધાઓનો અભાવ હોવાને કારણે અચાનક આવતો હીટવેવ લોકો માટે જીવલેણ સાબિત થાય છે. એક જ સપ્તાહમાં અતિવૃષ્ટિ અને એ જ સપ્તાહમાં આકરી ગરમી–આ બે પરસ્પર વિરોધી હવામાન સ્થિતિઓ એ વાતનો પુરાવા છે કે વૈશ્વિક આબોહવા એના સંતુલનબિંદુ પરથી ખસી ગઈ છે.

હવામાનમાં આવી રહેલા આ ભયાનક પરિવર્તનો માટે કોઈ એક પરિબળ જવાબદાર નથી, પરંતુ માનવસર્જિત પ્રવૃત્તિઓએ આ પ્રક્રિયાને અત્યંત ઝડપી બનાવી દીધી છે: કોલસો, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ જેવા જીવાશ્મ બળતણના અંધાધૂંધ વપરાશને કારણે વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઇડ, મિથેન અને નાઇટ્રસ ઓક્સાઇડ જેવા વાયુઓનું પ્રમાણ ખતરનાક સ્તરે વધી ગયું છે. આ વાયુઓ પૃથ્વીની ગરમીને વાતાવરણમાં રોકી રાખે છે, જેને કારણે 'ગ્રીનહાઉસ ઇફેક્ટ' સર્જાય છે. વૈશ્વિક ઉત્પાદન ક્ષેત્ર અને ફેક્ટરીઓમાંથી નીકળતો ઝેરી ધુમાડો વાતાવરણના ઓઝોન સ્તર અને કુદરતી હવાની ગતિને અસર કરે છે. હવામાનની આ અણધારી અને વિષમ સ્થિતિ માત્ર કાગળ પરના આંકડા નથી, પરંતુ તેની પ્રત્યક્ષ અસર માનવજીવનના દરેક પાસા પર પડી રહી છે. અચાનક બદલાતા તાપમાનને કારણે માનવ શરીર તેને અનુકૂળ થઈ શકતું નથી.

આના પરિણામે હીટસ્ટ્રોક, ડિહાઇડ્રેશન, હૃદયરોગના હુમલા અને શ્વસનતંત્રને લગતી બીમારીઓમાં તીવ્ર વધારો થાય છે. ખાસ કરીને નાના બાળકો, વૃદ્ધો અને શારીરિક શ્રમ કરતા મજૂરો માટે આવી વિષમ ગરમી જીવલેણ સાબિત થાય છે. ખેતી સંપૂર્ણપણે હવામાન અને ચોક્કસ ઋતુચક્ર પર આધારિત છે. અચાનક પડતી ગરમી, કૂંપળો ફૂટવાના સમયે જ ભયાનક તાપ કે લણણીના સમયે અણધારી અતિવૃષ્ટિ પાકને સંપૂર્ણપણે નષ્ટ કરી દે છે. આનાથી વિશ્વભરમાં ખાદ્ય અનાજની અછત સર્જાય છે અને મોંઘવારી ભડકે બળે છે.

બ્રિટનમાં સતત વરસાદ વચ્ચે અચાનક આવેલો આ હીટવેવ એ માત્ર હવામાનનો એક અહેવાલ નથી, પરંતુ સમગ્ર માનવજાત માટે એક અંતિમ ચેતવણી છે. કુદરત આપણને વારંવાર સંકેત આપી રહી છે કે જો આપણે આપણી જીવનશૈલી, ગ્રાહકવાદી માનસિકતા અને પર્યાવરણ પ્રત્યેના ઉપેક્ષિત વલણને નહીં બદલીએ, તો ભવિષ્યમાં હવામાનની આ અણધારી અને ભયાનક વિષમતાઓ આપણી સંસ્કૃતિ અને અસ્તિત્વ માટે જ પ્રશ્નાર્થચિહ્ન ઊભું કરી દેશે. પૃથ્વી પાસે માનવજાતની જરૂરિયાતો પૂરી કરવા માટે પૂરતું છે, પરંતુ તેના લોભને સંતોષવા માટે કંઈ જ પૂરતું નથી.

હવે સમય આવી ગયો છે કે વિશ્વના તમામ દેશો પોતાના રાજકીય અને આર્થિક સ્વાર્થોથી ઉપર ઊઠીને પર્યાવરણના રક્ષણ માટે એકજૂથ થાય. વાતાવરણમાં સંતુલન જાળવવું એ હવે કોઈ સ્વૈચ્છિક બાબત કે સદભાવના નથી રહી, પરંતુ પૃથ્વી પર માનવ અસ્તિત્વ ટકાવી રાખવા માટેની પ્રાથમિક અને અનિવાર્ય શરત બની ગઈ છે

# પશ્ચિમ બંગાળ ચૂંટણીમાં 'મતચોરી'નો મોટો વિવાદ

## રાજ્યોની વણઝાર

કૌશિક મહેતા

પ. બંગાળની ચૂંટણીમાં ભાજપે મમતા બેનર્જીને કરારી હાર આપી એ સાચું, મમતાના શાસન સામે અસંતોષ હતો એય સાચું પણ આ સાથે મહત્ત્વનો મુદ્દો બનેલો અને એ મત ચોરીનો. કોંગ્રેસે આક્ષેપો કરેલા. કોર્ટ સુધી મામલો પહોંચ્યો અને હવે આર. ટી. આઈ. નીચે જે માહિતી મળી એ દર્શાવે છે કે ચૂંટણી પંચ દ્વારા નામો રદ કરાયાં એમાં ગરબડો તો હતી. હવે આ મૂડી રાજકીય બનશે.

પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીના વિશેષ સઘન પુનઃ નિરીક્ષણ પ્રક્રિયા દરમિયાન લગભગ 27 લાખ લોકોનાં નામ હટાવી દેવામાં આવ્યાં હતાં. ત્યાર બાદ ચૂંટણી પંચ દ્વારા રચવામાં આવેલા ટ્રિબ્યુનલ સમક્ષ લોકોએ દાવા અને વાંધા રજૂ કર્યા હતા. ચૂંટણી પંચ દ્વારા અત્યાર સુધી નિકાલ કરવામાં આવેલા કેસોમાંથી આશરે 91% દાવા સાચા સાબિત થયા છે અને તેમનાં નામ ફરીથી મતદાર યાદીમાં જોડી દેવામાં આવ્યા છે. એનો મતલબ એ થયો કે આટલાં લોકો મતદાનથી વંચિત રહ્યાં. આ આંકડા સામે આવ્યા બાદ કોંગ્રેસ પક્ષે કેન્દ્ર સરકાર અને મુખ્ય ચૂંટણી કમિશનર ગ્યાનેશકુમાર પર આકરા પ્રહારો કર્યા છે. કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગ્યાનેશકુમારે પશ્ચિમ બંગાળમાં એસઆઈઆર કરાવીને 'મતચોરી' કરી છે, જેના પુરાવા હવે સામે આવી રહ્યા છે. ચૂંટણી પહેલાં નામ કાપવામાં આવ્યાં અને ચૂંટણી પછી તેમને ફરીથી યાદીમાં જોડવામાં આવ્યાં.

કોંગ્રેસના સાંસદ ઈશા ખાન ચૌધરીએ આરટીઆઈના જવાબનો હવાલો આપતાં કહ્યું કે એસઆઈઆર પ્રક્રિયા દરમિયાન 27,28,500 લોકોને અયોગ્ય જાહેર કરવામાં આવ્યા હતા, પરંતુ તેની સામે કુલ 38,10,620 અપીલો દાખલ કરવામાં આવી હતી. તેમણે સવાલ ઉઠાવ્યો કે શું આ વધારાની અપીલો એવાં મતદારોને હટાવવા માટે દાખલ કરવામાં આવી હતી, જેમણે આ વર્ષની વિધાનસભા ચૂંટણીમાં મતદાન કર્યું હતું?

બીજો મુદ્દો એ છે કે, એસઆઈઆર પ્રક્રિયાને સુપ્રીમ કોર્ટમાં પડકારનાર કોંગ્રેસના નેતા પ્રસેનજિત બોઝે જણાવ્યું કે વિસંગતતાઓને કારણે હટાવાયેલાં 27 લાખ મતદારોમાંથી માત્ર 7 લાખ નાગરિકો જ જાતે અપીલ દાખલ કરી શક્યા છે. અગાઉ સુપ્રીમ કોર્ટે પણ એ વાત પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે કે ટ્રિબ્યુનલ સમક્ષ લાખો અપીલો પેન્ડિંગ છે. કોર્ટનું સ્પષ્ટ માનવું છે કે જે સાચાં મતદારોનાં નામ યાદીમાંથી હટી ગયાં છે અને જેઓ પોતાના મતાધિકારથી વંચિત થઈ રહ્યાં છે, તેમની અપીલોના નિકાલને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ.

જ્યારે કોર્ટમાં એ વાત સામે આવી કે કુલ 38 લાખથી વધુ અપીલોમાંથી મોટો હિસ્સો નામ હટાવવા સામે નહીં પરંતુ નામ જોડવા સામે દાખલ કરવામાં આવ્યો છે, ત્યારે સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચ પાસે વિગતવાર અહેવાલ માંગ્યો છે. કોર્ટે નિર્દેશ આપ્યો છે કે પંચે સ્પષ્ટ કરવું જોઈએ કે કેટલાં લોકો પોતાના કચેલા નામ પાછાં મેળવવા માટે લડી રહ્યાં છે અને આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને સમગ્ર પ્રક્રિયા અને પેન્ડિંગ અપીલોનો નિકાલ એક નિશ્ચિત સમયમર્યાદામાં પૂરો થવો જોઈએ, જેથી કોઈ પણ કાયદેસરના નાગરિકને મતદાનના અધિકારથી વંચિત ન રહેવું પડે.

સુનાવણી દરમિયાન જ્યારે કે ટલાક રાજકીય પક્ષોએ મુદ્દો ઉઠાવ્યો કે કેટલીક ખાસ વિ ધાનસભા બેઠકો પર જીતના માર્જિન કરતાં વધુ નામ કાપવામાં આવ્યાં છે, ત્યારે કોર્ટે સ્પષ્ટ કર્યું કે તે પોતાની તપાસ કે દાયરાને માત્ર કેટલીક ચૂંટેલી બેઠકો પૂરતો મર્યાદિત રાખશે નહીં, પરંતુ સમગ્ર રાજ્ય સ્તરે પારદર્શક અને ઝડપી નિકાલ પર નજર રાખશે.

હવે આ અપીલના નિકાલ પછી સ્થાનિક ચૂંટણીઓમાં કેવી અસર થાય છે એ જોવાનું રહેશે, પણ નામ રદ થવાં અને અપીલ બાદ

> **હવે આ અપીલના નિકાલ પછી સ્થાનિક ચૂંટણીઓમાં કેવી અસર થાય છે એ જોવાનું રહેશે, પણ નામ રદ થવાં અને અપીલ બાદ નામ ફરી યાદીમાં ઉમેરવાં વચ્ચે શું રંધાયું એ પ્રશ્નનો જવાબ ક્યાંથી મળવાનો?**

નામ ફરી યાદીમાં ઉમેરવાં વચ્ચે શું રંધાયું એ પ્રશ્નનો જવાબ ક્યાંથી મળવાનો?

બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી આમ તો વિવાદગ્રસ્ત છે. પ્રશાંતકિશોર એમના પર ગંભીર આક્ષેપ કરે છે પણ એમણે એક સારી જાહેરાત કરી કે, બિહારમાં એક વિશિષ્ટ મહિલા યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવશે. એટલું જ નહીં, આ યુનિવર્સિટીમાં કુલપતિથી માંડી તમામ અધ્યાપકો અને અન્ય કર્મચારીઓ તરીકે પણ માત્ર મહિલાઓની જ નિમણૂક કરવામાં આવશે.

આમ તો મહિલાઓ માટે વિશિષ્ટ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને યુનિવર્સિટીઓ ભારતમાં અને દુનિયાના અન્ય દેશોમાં અસ્તિત્વ ધરાવે છે પણ વિદ્યાર્થિનીઓથી લઈને પ્રોફેસરો, અન્ય કર્મચારીઓ અને કુલપતિ સુધીની તમામ જગ્યાઓ પર માત્ર મહિલાઓ જ હોય તેવી સંપૂર્ણ મહિલા સંચાલિત યુનિવર્સિટીનો ખ્યાલ વિશેષ છે.


ભારતમાં મહિલાઓ માટેની મહિલા યુનિવર્સિટી ઘણી છે. મુંબઈમાં એસ.એન.ડી.ટી. વુમન્સ યુનિવર્સિટી જે યુનિવર્સિટી ભારતની સૌ પ્રથમ મહિલા યુનિવર્સિટી છે, જેની સ્થાપના મહર્ષિ ડો. કેશવ કર્વે દ્વારા ૧૯૧૬માં કરવામાં આવી હતી.

ઉપરાંત, બનાસ્થલી વિદ્યાપીઠ રાજસ્થાનમાં આવેલી પૂર્ણ કક્ષાની રેસિડેન્શિયલ મહિલા યુનિવર્સિટી છે, જ્યાં શાળાકીય શિક્ષણથી લઈને પીએચડી સુધીનો અભ્યાસ માત્ર મહિલાઓ માટે ઉપલબ્ધ છે. આંધ્રપ્રદેશના તિરૂપિતમાં શ્રી પદ્માવતી મહિલા વિશ્વવિદ્યાલય છે. કર્ણાટક રાજ્ય અક્કામહાદેવી મહિલા યુનિવર્સિટી વિજયપુરા, કર્ણાટકમાં છે. ભગત ફૂલ સિંહ મહિલા વિશ્વવિદ્યાલય હરિયાણામાં છે. આસામ વિમેન્સ યુનિવર્સિટીઃ જોરહાટ, આસામમાં છે.

આ ઉપ રાં ત દુનિયાભરમાં પણ મહિલાઓ માટેની વિશિષ્ટ યુનિ વર્સિટીઓ છે; જેમ કે સાઉદી અરે બિયાની પ્રિન્સેસ નોરા બિંકુ અબ્દુ લ ર માન યુનિવર્સિટી જે વિ શ્વ ની સૌથી મોટી મહિલા યુનિ વર્સિટી છે, તેમજ સુદાનની અહફાદ યુનિવર્સિટી ફોર વિમેન. પણ બિહારની યુનિવર્સિટી વિશિષ્ટ બનશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## અસ્થિર મન



એક યુવાન યોદ્ધા ગુરુ પાસે આવ્યો અને તરત જ કહ્યું, ''ગુરુજી, હું દરેક યુદ્ધ જીતવા માંગું છું.મને કોઈ હરાવી ન શકે તે માટે તૈયારી કરવા માંગું છું. મને દરેક શસ્ત્રવિદ્યા જેમ બને તેમ જલ્દી શીખવાડી દો. તમે કહેશો તે ગુરુ દક્ષિણા હું આપવા તૈયાર છું.''

ગુરુજીએ પૂછ્યું, ''તને કયાં કયાં શસ્ત્ર ચલાવતાં આવડે છે?'' યુવાને કહ્યું, ''ગુરુજી, આમ તો મને અત્યારે માત્ર ધનુષ બાણ ચલાવતાં જ આવડે છે પણ હું તલવારબાજી, ગદાયુદ્ધ, ભાલા યુદ્ધ બધી જ કળા શીખવા માંગું છું. તે પણ જેમ બને તેમ જલદી...''

ગુરુજીએ યુવાનના હાથમાં ધનુષ્ય આપ્યું અને કહ્યું, ''આજથી આની બરાબર સંભાળ લેજે અને શાંત થઈને બેસી જા. પહેલાં પોતાને જીત ...મનને જીત, પછી આગળ હું શીખવાડીશ.''

યુવાનમાં શીખવાની અધીરાઈ હતી એટલે તે ગુસ્સે થયો, બોલ્યો, ''મારે દરેક યુદ્ધ જીતવાં છે અને એટલે મારી પાસે સમય નથી અને બધી જ શસ્ત્રવિદ્યા શીખવી છે એટલે હું શાંતિથી બેસી શકું તેમ નથી. તમે મને આજથી જ શીખવાડો.''

ગુરુજી બોલ્યા, ''શાંત થઈને બેસ. નહિ તો કંઈ જ શીખી નહિ શકે અને જે આવડે છે તે પણ ભૂલી જઈશ. તું દસ દિવસ આ ધનુષબાણની માત્ર માવજત કરજે પછી આપણે મળીશું ત્યારે તને શું શીખવાડવું તે હું નક્કી કરીશ.''

આ સાંભળી યુવાનનો મગજનો પારો ઓર વધ્યો. તેને થયું

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

ગુરુજી મારું અપમાન કરે છે. તેણે ગુસ્સામાં કહ્યું, ''ગુરુજી, આમ તો મને તીરંદાજી બરાબર આવડે છે પણ તમારી પાસે શીખીને મારે પારંગત થવું છે. તમે મારો સમય ન બગાડો. મને આજથી જ શીખવાડો.''

ગુરુજીએ કહ્યું, ''ઠીક છે, તું આ તીર કામઠા સાથે સજ્જ થઈ જા અને પછી સામેના આંબાના ઝાડ પરથી સૌથી ઉપરની કેરી વીંધી દેખાડ.''

યુવાને ગુસ્સા અને અભિમાન સાથે કહ્યું, ''હું હંમેશા સજ્જ જ હોઉં છું લાવો અબઘડી વીંધી બતાવું.''

યુવાને તીર છોડ્યું.તીર નિશાન ચૂકી ગયું.સૌથી ઉપરની કેરી તો ન વીંધી શક્યું, અરે એક આંબાનું પાન પણ ન વીંધી શક્યું.'' યુવાન શરમથી નીચું જોઈ ગયો.

ગુરુજી બોલ્યાઃ ''જ્યારે મન ગુસ્સામાં હોય છે ત્યારે ધનુષ બાણ પર કાબૂ રહેતો નથી ત્યારે તીર પણ ભટકે છે.એટલે કોઇ પણ શસ્ત્ર શીખવા પહેલાં મનને શાંત કરી તેની પર કાબૂ મેળવવો જરૂરી છે.'' યુવાનની આંખો ખુલી ગઈ.તેને ગુરુજી પાસે વર્ષો તાલીમ લીધી અને મહાન યોધ્ધા બન્યો તે હંમેશા કહેતો , ''હું પહેલાં મારા મનને સ્થિર કરું છું. પછી તીર છોડું છું. અસ્થિર મન સાચું નિશાન નથી લગાવી શકતું.''

# કોકરોચ જનતા પાર્ટીનો ઉદય; હવે આગળ શું?

## રાજધાનીના અંતરંગ

અનિલ આનંદ

કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)નો સૌથી મોટો વિજય એ છે કે, દિલ્હીના જંતરમંતર ખાતે જેન ઝીનાં વિરોધ પ્રદર્શનોનું સફળતાપૂર્વક નેતૃત્વ કર્યા પછી પ્રેશર ગ્રુપ બની ગયેલા આ ઓનલાઈન સંગઠને રાજકીય પક્ષો અને તેમના નેતાઓની પરંપરાગત ચૂંટણીલક્ષી રણનીતિઓને ધ્વસ્ત કરવાની એક નવી વિચારસરણી ઊભી કરી છે. કોઈ પણ સંગઠનાત્મક માળખું, નાણાંકીય ટેકો અને સૌથી વધીને આકર્ષણનું કેન્દ્ર બને તેવા કોઈ મુખ્ય નેતા વિના તેઓ આ કેવી રીતે કરી શક્યા? તેમ છતાં, તેઓ એવાં લોકોની કલ્પનાઓને જગાડવામાં સફળ રહ્યા છે જેઓ છેલ્લા એક દાયકા કરતાં વધુ સમયથી કોઈ મંત્રમુગ્ધતા હેઠળ હતા અને પ્રશ્નો પૂછવાનો તથા અવાજ ઉઠાવવાનો તેમનો ઉત્સાહ ગુમાવી ચૂક્યા હતા.

પરંપરાગત રીતે કોઈ પણ આંદોલન શરૂ કરવા માટે જરૂરી ગણાતી આ તમામ ખામીઓ, વાસ્તવમાં સીજેપી અને દેશ બંને માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે. સાહજિક રીતે આનું કારણ નીટ અને અન્ય પેપર લીકનું હતું, પરંતુ પરોક્ષ રીતે તે ઘણાં પરિબળોનું મિશ્રણ હતું, જેમાં સૌથી મોટું પરિબળ નરેન્દ્ર મોદી સરકાર પ્રત્યેનું - મુખ્યત્વે જેન ઝીનું - વિમુખ થવું (મોહભંગ થવો) હતું. દેખીતી રીતે, આ પરિસ્થિતિ આપેલાં વચનો અને જમીની હકીકત વચ્ચેના સંપૂર્ણ અસંતુલન તેમ જ સાંપ્રદાયિક ધ્રુવીકરણ અને અતિરાષ્ટ્રવાદ દ્વારા નિષ્ફળતાઓ છુપાવવાના પ્રયાસોમાંથી ઉત્પન્ન થઈ હતી.

નિઃશંકપણે, સત્તાધારી પક્ષના આ એજન્ડાએ વિવેચન, ચર્ચા અને અસંતોષને સતત નિરુત્સાહિત કરતી એક સમાંતર વ્યવસ્થા સાથે લગભગ એક દાયકા સુધી વિશાળ ચૂંટણીલક્ષી લાભો આપ્યા. શિક્ષણશાસ્ત્રી અને પર્યાવરણવિદ્ સોનમ વાંગચુકે અનિશ્ચિત મુદતની ભૂખ હડતાળ પર બેસીને આ આંદોલનને ઉચ્ચ સ્તરની ઓળખ આપી (જો કે નેતૃત્વ નહીં) અને તેમની સાથે જેન ઝી વિદ્યાર્થી કાર્યકરોનું જૂથ જોડાયું; પરંતુ આખરે જે બાબતે કાર્યક્રમને આગળ વધાર્યો અને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાના રૂપમાં જીત અપાવી, તે ગાંધીવાદી માર્ગે રાજ્યની સત્તાનો સામનો કરવાની તેમની હિંમત, દૃઢ નિશ્ચય અને નવીન પદ્ધતિઓ હતી."

કારણ કે, 2014 પછી આવું ક્યારેય જોવા મળ્યું નહોતું. પત્રકારમાંથી રાજકારણી બનેલા એમ. જે. અકબર, જેઓ તત્કાલીન વિદેશ રાજ્ય મંત્રી હતા, તેમણે 'મી ટુ' ઝુંબેશના દબાણ હેઠળ 2018માં રાજીનામું આપ્યું હતું, જ્યારે મહિલા પત્રકારોના એક જૂથે તેમના પર જાતીય સતામણીના ગંભીર આરોપો લગાવ્યા હતા અને આ મામલો અદાલતોમાં પહોંચ્યો હતો. તેમના રાજીનામાની પરિસ્થિતિઓએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સત્તાને સીધી અસર કરી નહોતી. વાસ્તવમાં, તેમના

> **જનઆંદોલન કે રાજકીય પક્ષ? કોકરોચ જનતા પાર્ટી સમક્ષ ઊભા થયેલા ભવિષ્યના પ્રશ્નો**

વ્યૂહરચનાકારોએ અકબરના રાજીનામાનો ઉપયોગ તેમને નૈતિક રીતે ઉચ્ચ સ્થાન આપવા માટે કર્યો હતો.

જેન ઝીએ દેશવ્યાપી અવાજ ઉઠાવીને એવી પરિસ્થિતિઓનું નિર્માણ કર્યું જેની ગૂંજ આંતરરાષ્ટ્રીય સ્તરે ઊઠી અને વડા પ્રધાનને તેમના મંત્રીને હટાવવા માટે મજબૂર કર્યા - આવું 2014 પછી ક્યારેય જોવા મળ્યું નહોતું, ખાસ કરીને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહના એ પ્રખ્યાત નિવેદનને ધ્યાનમાં રાખીને કે, 'આ સરકારમાં રાજીનામાં નથી થતાં.' કોઈ પણ વ્યક્તિ સીજેપી અથવા જેન ઝી પાસેથી આ બાબતે ઉજવણી કરવાનો અધિકાર છીનવી શકે નહીં, પરંતુ લોકશાહી શાસન વ્યવસ્થામાં આ પરિસ્થિતિઓનો વ્યાપક સંદર્ભ હોય છે.

આવી પરિસ્થિતિઓ, શાંતિપૂર્ણ જાહેર વિરોધ અથવા જનઆક્રોશને જીત કે હારના અર્થમાં અથવા ખાસ કરીને સત્તાધારી રાજકીય પક્ષ માટે પ્રતિષ્ઠાના નુકસાન તરીકે જોવી જોઈએ નહીં અને જોઈ શકાય નહીં. જનતાની માંગનો સ્વીકાર કરવાથી ચોક્કસપણે કોઈ નેતા કે સરકારની પ્રતિષ્ઠા ઓછી થતી નથી. એવી વાર્તા ઘડી કાઢવામાં આવી છે કે, પ્રધાનનું રાજીનામું એ એક ઝટકો છે અને તેનાથી મોદીની મજબૂત છબીને ધક્કો પહોંચ્યો છે. તે અમુક અંશે સાચું હોઈ શકે છે, પરંતુ આ બધું તેઓ તેને કેવી રીતે લે છે કે અનુભવે છે તેના પર નિર્ભર છે. 2014થી એક નવો રાજકીય વિચાર જન્મ્યો હતો જ્યાં એક મજબૂત નેતાનો પાયો 'એક પણ ઈંચ નમ્યા વિના ગમે તે ભોગે જીત મેળવવા' પર રહેલો હતો.

ચૂંટણીલક્ષી લોકશાહી દેશમાં જ્યાં જનતા સર્વોપરી છે. એ જ પોતાનામાં એક ભ્રામક વ્યૂહરચના છે. તેમની માંગણીઓ સાચી કે ખોટી હોઈ શકે છે, પરંતુ સત્તામાં બેઠેલાં લોકોએ કોઈ પણ કિંમતે સર્વોપરિતા જાળવી રાખવાની માનસિકતા સાથે મેદાનમાં ઊતરવાને બદલે ખુલ્લા મનથી પરિસ્થિતિનો સામનો કરવો જોઈએ. સરળ શબ્દોમાં કહીએ તો વડા પ્રધાન મોદીએ પ્રધાનના રાજીનામા માટે પ્રદર્શનકારી જેન ઝીના આહ્વાનનો પ્રતિસાદ આપ્યો, ભલે મોડેથી પણ તેનો સ્વીકાર કર્યો. તે કોઈ પણ રીતે તેમની સત્તા માટે પડકાર નહોતો. જો રાજકીય સત્તાધીશોએ મુદ્દાને લાંબો ખેંચવા અને બળપૂર્વક દબાવવાનો પ્રયાસ કરવાને બદલે સમયસર પગલાં લીધાં હોત તો આ છાપ સંપૂર્ણપણે દૂર થઈ શકી હોત.

અહીંથી સીજેપીએ લાંબી મંજિલ કાપવાની છે. નીતિગત અર્થમાં તેની જીત મોટા ભાગે પ્રતીકાત્મક છે, પરંતુ તેણે ભારતના મહત્ત્વાકાંક્ષી યુવાનો દ્વારા સામનો કરવામાં આવતા મુદ્દાઓ વિશે જાહેર જાગૃતિ નોંધપાત્ર રીતે વધારી છે. એમાં કોઈ શંકા નથી કે, તેના કાર્યકરો અને સામાન્ય રીતે જેન ઝી માટે આ ગતિ જાળવી રાખવી અનિવાર્ય રહેશે, પરંતુ પોતાની નિદ્રામાંથી જાગેલા સમાજના અન્ય વર્ગોએ પણ સીજેપી આંદોલનને તેના તાર્કિક અંત સુધી પહોંચાડવા માટે સમર્થન આપવાનું અનુભવવું જોઈએ જેથી દેશ સામેના મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ઠોસ પરિણામો મેળવી શકાય.

જાહેર મુદ્દાઓ પર સરકાર સામે અવાજ ઉઠાવવા માટે પ્રેશર ગ્રુપ તરીકે કામ કરવું એ ચૂંટણીના માર્ગે જવા માટે યોગ્ય સમય ન આવે ત્યાં સુધી યોગ્ય અભિગમ છે.

સીજેપીનાં પ્રદર્શનોને ટૂંકા ગાળામાં તેણે બનાવેલી રાષ્ટ્રીય અસર સિવાય વ્યાપક દૃષ્ટિકોણથી પણ જોવું જોઈએ. જેના કારણે 2022માં શ્રીલંકા, 2024માં બાંગ્લાદેશ અને 2025માં નેપાળમાં રાજકીય સત્તા માળખામાં પરિવર્તન આણ્યું હતું.

જો કે, પરિસ્થિતિઓ અને વાતાવરણ દરેક દેશમાં અલગ અલગ હોય છે, પરંતુ એક વાત સમાન હતી કે, આ વિરોધ પ્રદર્શનો યુવા બેરોજગારી, અસમાનતા, ભ્રષ્ટાચાર અને નીતિનિર્માણમાંથી યુવાનોને બાકાત રાખવાના ગુસ્સાથી પ્રેરાયેલાં હતાં. બીજી સમાનતા એ હતી કે, સોશ્યલ મીડિયાએ ઉત્પ્રેરક ભૂમિકા ભજવી હતી અને જંતરમંતરનાં વિરોધ પ્રદર્શનો દરમિયાન તેનાં ઘણાં નવાં પરિમાણો જોવા મળ્યાં હતાં.

ભારતીય સંદર્ભ અન્ય દક્ષિણ એશિયાઈ દેશો કરતાં સાવ અલગ છે, જેનું મુખ્ય કારણ તેને નબળું પાડવાના પ્રયાસો છતાં લોકશાહી માળખાનો મજબૂત પાયો છે. મતદાનએ હંમેશાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, જે લોકો માટે શાંતિપૂર્ણ રીતે પરિવર્તન લાવીને પોતાનો આક્રોશ ઠાલવવાનું એક મજબૂત માધ્યમ બન્યું છે. અમુક અપવાદો છતાં, આ સ્થિતિ હજી પણ મજબૂત રીતે બનેલી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### નેપાળ....

ભારતની પડખે આવેલ આ દેશમાં મન મૂકી કુદરતે સૌંદર્યની લ્હાણી કરી છે. ખળખળ વહેતી બાઘમતી નદીનાં નિર્મળ જળ નજરને પળ પળ શીતળતા બક્ષે. અઢળક કુદરતી સૌંદર્ય, સમુદ્રની સપાટીથી 3000 ની ઊંચાઈ પર આવેલ કાઠમંડુ નેપાળની રાજધાની , વ્યવસ્થિત બાંધણી, સ્વચ્છતા, ખુશનુમા વાતાવરણ અને સતત પ્રવાસીઓની ચહલપહલથી વ્યસ્ત રહે. મારૂતી કરતાં ટોયેટા તેમજ અન્ય પરદેશી કારો ટેક્ષીઓના કાફલા વધુ નજરે પડે. ભગવાન પશુપતિનાથની આસપાસ કલ્ચર મોતીની માળાઓ, રૂદ્રાક્ષની માળાઓ તેમજ અન્ય ચીજવસ્તુઓની દુકાનો, જેમાંથી ખરીદી કર્યા વિના પ્રવાસીઓ ભાગયે જ પાછાં ફરે. ચાઈના ટેમ્પલ, બરફીલા પહાડો જેવાનું મથક , એના ઘુમ્મટ પર પહોંચવા ગોળાકાર રસ્તો આને બુધ્ધનાથ સ્તૂપ તરીકે પણ ઓળખવામાં આવે. ઉત્તરશિવપુરી પહાડ, પશ્ચિમે નાગાર્જુન , પૂર્વમાં નગરકોટ અને ઉત્તરે ફૂલચોકી આવેલી છે. કાઠમંડુમાં સુપર માર્કેટ દેશ પરદેશની ચીજ વસ્તુઓ ખરીદવાનું ઉત્તમ સ્થળ થાઈલેંડ , ચીન, જાપાન, તેમજ અન્ય દેશોની ઈલેક્ટ્રોનિક આઈટમો, સાબુ , ચોકલેટ, આકર્ષક ઘડિયાળો, અહીં મળે. મિનિમમ દર એન.સી.(નેપાળ કરન્સી) આઈ.સી. (ઈન્ડિયન કરન્સી) ચલણમાં. કાઠમંડુ છોડી સ્વદેશ પુનઃ પ્રવેશતાં ચેકપોસ્ટ પર કડવો અનુભવ થયો. કોઈ ચીજ સાથે ન હતી છતાં ગોરનું તરભાણું તો ભરવું જ પડે.

**સુરત - કુમુદભાઈ બક્ષી**

### રક્ષાબંધનનું એક નવું બંધારણીય અર્થઘટન!

રક્ષાબંધન એટલે પરંપરાગત રીતે ભાઈ બહેનની રક્ષા કરવાની પ્રતિજ્ઞા. તેની સુરક્ષા અને કાયદાકીય હકોનું રક્ષણ રાજ્યની બંધારણીય ફરજ છે. તો શું રક્ષાબંધનનો પરંપરાગત અર્થ અહીં સમાપ્ત થઈ જાય? તેના અર્થનું નવું અર્થઘટન થઈ શકે. રક્ષાબંધનને માત્ર "ભાઈ બહેનની રક્ષા કરશે" એવા એકતરફી સંબંધમાંથી બહાર કાઢીને "નાગરિક રક્ષા-બંધન" અથવા "અધિકારબંધન" તરીકે જોવામાં આવે તો તેનો અર્થ વધુ વ્યાપક બની શકે. આપણે એકબીજાને રાખડી સાથે એવો સંકલ્પ આપી શકીએ કે જાતિ, જ્ઞાતિ, ધર્મ, લિંગ, ભાષા, પ્રદેશ, વર્ગ કે વિચારધારાના ભેદ વિના દરેક નાગરિકના સમાન અધિકાર, સ્વતંત્રતા, માનવમર્યાદા અને ન્યાયનું સન્માન કરીશું. સરકારની રક્ષા રાજ્યની કાનૂની ફરજ છે, જ્યારે પોતાના અને બીજા નાગરિકના અધિકારોનું રક્ષણ લોકશાહી નાગરિકત્વની નૈતિક જવાબદારી છે. એટલે રક્ષાબંધનનો અર્થ હવે "ભાઈ બહેનની રક્ષા કરશે"થી આગળ વધીને "અમે એકબીજાના અધિકારો, સ્વતંત્રતા અને માનવમર્યાદાની રક્ષા કરીશું" એવો થઈ શકે. રાખડી હાથ પર નહીં, આ વખતે કદાચ નાગરિક ચેતનામાં બંધાય.

**સુરત - નિલેશ ચૌહાણ**

### દિલીપકુમાર અને ઉર્દુભાષા

કેટલાક નવા ફેરફારો સાથે, હમણાંથી શ્રી બકુલ ટેલર અક્ષરની આરાધના" કૉલમનું સંપાદન કરતા રહ્યા છે. સાહિત્યિક પ્રશ્નવાલિ રજુ કરીને જાતકના જ્ઞાનને ઢંઢોળવાના નમ્ર પ્રયાસો પણ આ કૉલમમાં કરવામાં આવી રહ્યા છે. બકુલભાઈ ટેલર હિન્દી ફિલ્મોના ઉમદા ચાહક અને પ્રવાહક પણ છે, એમને એમણે 17 ઑગસ્ટની કૉલમમાં દિલીપકુમારના 'ઉર્દૂ ભાષા - ના લગાવ અને જાણકારી બાબત અભ્યાસુ નોંધ લખી છે. 'મુઘલે આઝમ' ઉર્દૂ ભાષાના સર્વોત્તમ ફિલ્મ કૃતિ બની રહી હતી, એના પાયામાં દિલીપકુમાર અને પૃથ્વીરાજ કપૂરની ઉર્દૂ જબાન રહેલી હતી. દિલીપકુમાર ઉત્તમ વ્યાખ્યાનકાર હતા. અંગ્રેજી અને ઉર્દૂમાં તેઓ અસ્ખલિત પણે તેઓ બોલી શકતા, છતાં તેમનું ઉર્દૂનું જ્ઞાન ગહન હતું. ઉર્દૂ ગઝલકારો અને એમની ગઝલોના તેઓ ઉમદા ચાહક હતા. એમની મોટા ભાગની ફિલ્મોના ગીતકાર તરીકે ઉર્દૂ શકીલ બદાયુની રહેતા હતા. એ ગીતોની રોચક બંદિશો બનાવનાર સંગીતકાર નૌશાદ કે જેઓ ઉર્દૂના અદ્ભુત જાણકાર હતા. હિન્દી ફિલ્મોના સુવર્ણયુગના આ મહાન શિલ્પીઓના યોગદાનને ફિલ્મરસિકો ક્યારેય નહીં ભૂલે.

**સુરત - બાબુભાઈ નાઈ**

### હવે તો શરમ કરો!

આ અઠવાડિયામાં માવો કે તેમાંથી બનતી મીઠાઈ વેચનારા વેપારીઓના, કેટલાક નામી અને કેટલાક નામચીન કહેવા પડે એવા, ગોરખધંધા ઉઘાડા પડ્યા. S.M.C.ના જે તે વિભાગના અધિકારીઓ તહેવારની સીઝનમાં એકાએક સફાળા જાગીને ખાદ્ય સામગ્રીના સેમ્પલ લે છે. રિપોર્ટ આવે ત્યાં સુધીમાં બધો જથ્થો વેચાઈ ગયો હોય છે. આવું કંઈક નાટક પોલીસના દારૂના અડ્ડા પરના દરોડામાં થતું હોય છે. થોડા સમય પહેલાં પનીરનું કૌભાંડ થયું હતું, જે હજી બેધડક ચાલુ છે. દરેક ડેરી પ્રોડક્ટ, અનાજ, મસાલા, દવા વગેરેમાં નાગરિકોના જીવનને જોખમમાં મૂકતા આવા બેશરમ વેપારીઓ તથા અધિકારીઓને નોકરીમાંથી પાણીચું અને જેલની સજા થાય તો જ આવા લોકોમાં ફફડાટ પેદા થાય. દુનિયામાં ભાગ્યે જ કોઈ દેશ હશે, જ્યાં આ હદની ઘાલમેલ થતી હશે. હવે તો શરમ કરો!

**સુરત - ભુપેન્દ્ર રાયજી**

### અને હવે જેન-આલ્ફા મેદાનમાં

1997થી 2012 દરમિયાન જન્મેલી પેઢી જેન-ઝી તરીકે ઓળખાય છે અને તેના આંદોલનોથી દુનિયા પરિચિત છે. હવે 2013થી 2024 દરમિયાન જન્મેલી જેન-આલ્ફા પેઢી પણ પોતાના અધિકારો માટે અવાજ ઉઠાવતી થઈ છે. દેશનાં કેટલાંક રાજ્યોમાં શાળાના વિદ્યાર્થીઓએ સ્વચ્છ પીવાનું પાણી, ગુણવત્તાયુક્ત મધ્યાહ્ન ભોજન, પૂરતા શિક્ષકો, સારી માળખાકીય સુવિધા, સ્વચ્છ શૌચાલય, છોકરીઓની સલામતી, તૂટેલી બેન્ચ અને ફર્નિચરની મરામત જેવી પાયાની સુવિધાઓની માગણી સાથે આંદોલન શરૂ કર્યું છે. વિદ્યાર્થીઓ માત્ર તેમનો મૂળભૂત હક માંગી રહ્યા છે. આ કોઈ રાજકીય આંદોલન નથી, પરંતુ વ્યવસ્થાને જવાબદાર બનાવવાનો પ્રયાસ છે. જેન-આલ્ફા હવે 'કેમ?' અને 'શા માટે?' જેવા પ્રશ્નો પૂછતી થઈ છે. શિક્ષણ પાછળ સરકાર દ્વારા ફાળવાતા બજેટનો યોગ્ય અમલ થાય અને તંત્ર જવાબદારીપૂર્વક કામ કરે તો કદાચ આ બાળકોને આંદોલન કરવાની જરૂર જ ન પડે.

**નવસારી - ડૉ. જે. એમ. નાયક**

### પુસ્તકોનું ઘર – આજે ઉદાસ કેમ છે?

એક સમયે જ્યારે પુસ્તકાલયમાં પ્રવેશ કરવો એટલે જ્ઞાનની દુનિયામાં પ્રવેશ કરવો. પુસ્તકોની સુગંધ, પાનાં ફેરવવાનો અવાજ અને વાંચકોની એકાગ્રતા વાતાવરણને જીવંત બનાવતાં. આજે મોબાઈલની નાની સ્ક્રીને પુસ્તકના મોટા વિશ્વને થોડુ તો પાછળ ધકેલી દીધું છે. લાઈબ્રેરીની અવદશા માટે માત્ર વિદ્યાર્થીઓ કે યુવાનોને જવાબદાર ઠેરવી શકાય નહીં. પુસ્તકાલયોમાં નવા પુસ્તકોનો અભાવ, આધુનિક સુવિધાઓની કમી, વાંચનપ્રેરક કાર્યક્રમોનો અભાવ અને કેટલીક જગ્યાએ પુસ્તકોને માત્ર કબાટમાં સાચવી રાખવાની માનસિકતા પણ એટલી જ જવાબદાર છે. સવાલ એ છે કે જે સમાજ પોતાની લાઈબ્રેરીને જીવંત રાખી શકતો નથી, તે સમાજ પોતાના વિચારોને કેટલા સમય સુધી જીવંત રાખી શકશે? પુસ્તકાલયમાં વાચક પાછો લાવવો હોય તો માત્ર "વાંચન સપ્તાહ" પૂરતો કાર્યક્રમ નહીં, પરંતુ વાંચનને જીવનશૈલી બનાવવી પડશે. શાળાઓમાં "એક વિદ્યાર્થી–એક પુસ્તક–એક વિચાર" જેવી પ્રવૃત્તિઓ શરૂ થવી જોઈએ. પુસ્તક પર ચર્ચા, લેખક સાથે મુલાકાત, પુસ્તક સમીક્ષા, વાંચન સ્પર્ધા અને વાંચન ક્લબ જેવી પ્રવૃત્તિઓથી લાઈબ્રેરીને ફરી ધબકતી બનાવી શકાય. લાઈબ્રેરીમાં તાળું માત્ર દરવાજા પર નથી લાગતું; જ્યારે સમાજ વાંચવાનું બંધ કરે છે ત્યારે તેના વિચાર પર પણ તાળું લાગી જાય છે. ચાલો, લાઈબ્રેરીને કબાટમાંથી બહાર લાવીએ અને ફરીથી તેને વિચારનું ઘર, જ્ઞાનનું મંદિર અને સમાજનું જીવંત હૃદય બનાવીએ ને શરૂઆત આપણાથી કરીએ.

**બામણીયા -મુકેશ બી. મહેતા**